# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-03-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

- લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.
- લોકસભા ચુંટણી અંતર્ગત પ્રસાર માધ્યમો માટે એક્ઝિટ પોલ અને ઓપીનિયન પોલ સંદર્ભે સૂચનો જાહેર કરાયા.
- રાજ્ય વિધાનસભાની પાંચ બેઠકોની યોજાનારી પેટા ચૂંટણીના અધિકારીઓ માટે તાલીમ વર્ગોનો આરંભ થયો.
- ઝઘડિયાના પૂર્વ ધારાસભ્ય છોટુભાઇ વસાવાએ લોકસભા ચૂંટણીમાં નવરચિત રાજકીય પક્ષ ભારતીય આદિવાસી પાર્ટીથી ચૂંટણીમાં ઉતરવાનો નિર્ણય કર્યો.
- કેન્દ્ર સરકારે ઘઉંના વેપારીઓને પહેલી એપ્રિલથી ઘઉંના જથ્થા અંગે ફરજીયાત જાણ કરવા બનાવ્યું.
- સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ઘણાં સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું તો દક્ષિણ ગુજરાતના કેટલાંક સ્થળોએ હળવો વરસાદ નોંધાયો.

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## 1ST AND 2ND-PHASE-NOTIFICATION

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે. આવતીકાલે સાંજ સુધીમાં 102 બેઠકો પર કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે ચિત્ર સ્પષ્ટ થશે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

દરમિયાન, લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 88 બેઠકો માટેનું જાહેરનામું ગઇકાલે બહાર પડ્યું હતું. બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 88 બેઠકો માટે મતદાન થશે જેમાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની 8-8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા તેમજ જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પાંચમીએ તેમની ચકાસણી થશે. જો કે, જમ્મુ- કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે.

## EC-C-VIGIL-APP

કેન્દ્રીય ચૂંટણી પંચને સી-વીજીલ એપ ઉપર 79 હજાર ફરિયાદો અત્યાર સુધી મળી છે, આ પૈકી 99 ટકા ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. આ પૈકી 89 ટકા ફરિયાદોનું નિરાકરણ 100 મિનિટમાં કરવામાં આવ્યું છે. સી- વીજીલ એપ ઉપર મળેલી ફરિયાદો પૈકી 58 હજારથી વધુ ફરિયાદો ગેરકાયદેસર હોર્ડિંગ અને બેનરને લગતી છે અને 1 હજાર 400 થી વધુ ફરિયાદો નાણાં, ભેટ સોગાદ અને દારૂની લાલચ આપવાને લગતી છે. 535 ફરિયાદો શસ્ત્રોના પ્રદર્શનથી ડરાવવાને લગતી છે.

એવી જ રીતે, 1 હજારથી વધુ ફરિયાદો પ્રચારનો સમય પૂરો થવા છતાં સ્પીકરનો ઉપયોગ કરવાને લગતી છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ચૂંટણી પંચે લોકસભાની ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ફરિયાદો સરળતાથી રજૂ કરવા માટે સી-વીજીલ એપ કાર્યરત કરી છે.

## ELECTION - MARGDARSHIKA

લોકસભા સામાન્ય ચુંટણી અંતર્ગત પ્રસાર માધ્યમો માટે એક્ઝિટ પોલ અને ઓપીનિયન પોલ સંદર્ભે માર્ગદર્શીકા સૂચનો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં 19 એપ્રિલ થી એક્સઝિટ પોલ અને લોકસભાની સામાન્ય ચુટણી અને ગુજરાત વિધાનસભાની પેટાચુટણીના મતદાનના દિવસે મતદાનનો સમય સમાપ્ત થતો હોય તે પૂર્વેના 48 કલાક દરમ્યાન ઓપીનિયન પોલ પર પણ પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, 19 એપ્રિલ ના સવારે 7 વાગ્યા થી પહેલી જૂન સાંજના સાડા છ વાગ્યા સુધી પ્રિન્ટ કે ઈલેક્ટ્રોનિક મીડિયા કોઈ પણ પ્રકારના એક્ઝિટ પોલ કે તેના પરિણામ જાહેર કરી શકશે નહીં.

## ASSEMBLY - TRAINING CLASSES

લોકસભાની ચૂંટણીની સાથેસાથે રાજયવિધાનસભાની પાંચ બેઠકોની યોજાનારી પેટાચૂંટણીના અધિકારીઓ માટે તાલીમ વર્ગોનો આરંભ થયો છે.

જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં આજે ગુજરાત યુનિવર્સિટી ખાતે જમાલપુર-ખાડિયા વિધાનસભા અને એલિસબ્રિજ વિધાનસભા વિસ્તારમાં ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા વિવિધ કર્મચારીઓ માટે તાલીમ વર્ગ યોજાઇ ગયો.

ગીર સોમનાથ જિલ્લાકલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં સોમનાથ યુનિવર્સિટી ખાતે જૂનાગઢ લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ સોમનાથ

વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી ફરજ પરના -અધિકારીઓને તાલીમ વર્ગ યોજાઇ ગયો.

પોરબંદર જીલ્લામાં મદદનીશ ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં કુતિયાણા વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણી ફરજ પરના -અધિકારીઓને તાલીમ વર્ગ યોજાઇ ગયો.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાલીમ વર્ગોમાં  જિલ્લાકલેકટરશ્રીઓ દ્વારા પ્રિસાઈડિંગ ,ફર્સ્ટ પોલિંગ અને પોલિંગ ઓફિસર્સને ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઇવીએમ, વીવીપેટને મતદાન મથક સુધી લઇ જવા તેમજ મતદાનની પ્રક્રિયા ચૂંટણીપંચના નિયમ અનુસાર થાય તે પ્રકારની કાળજી સાથેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## NODAL OFFICERS-VADODARA

વડોદરા શહેર જિલ્લામાં વિધાનસભાના તમામ મતદાન મથકો ખાતે ચૂંટણી જાહેર થાય ત્યારથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળામાં કરવાની થતી વિવિધ ચૂંટણીલક્ષી કાર્યવાહી તેમજ પ્રક્રિયાઓની સતત દેખરેખ માર્ગદર્શન તેમજ નિયંત્રણ સહિત ચૂંટણીના સરળ સંચાલન માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર દ્વારા વિવિધ 19 જેટલા નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી બી.એ.શાહે જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લામાં આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત,ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી જાહેર થતાંની સાથે આદર્શ આચરસંહિતાનો ચુસ્ત અને અસરકારક અમલ કરવામાં આવશે.

આગામી લોકસભા ચૂંટણીમાં મહત્તમ મતદારો મતદાન કરે તે માટે મતદાર જાગૃતિ અભિયાનને વધુ વેગવાન બનાવવા બેઠકમાં સૂચનાઓ અપાઇ હતી.

## BHARUCH LOK SABHA SEAT

ઝઘડિયાના પૂર્વ ધારાસભ્ય છોટુભાઇ વસાવાએ લોકસભા ચૂંટણીમાં પોતાના નવરચિત રાજકીય પક્ષ ભારતીય આદિવાસી પાર્ટીથી ચૂંટણીમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે. આજે વાસણા ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં છોટુભાઇ વસાવાએ આ મુજબ જણાવ્યું હતું. આ અંગે વધુ વિગતો અમારા ભરૂચ જિલ્લાના પ્રતિનિધિ વાહીદ મશહદી આપે છે.

(બાઇટ- વાહીદ મશહદી)

અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ લોકસભા બેઠક ઉપર ભાજપ, આમ આદમી પાર્ટી અને એક નવો પક્ષ ભારતીય આદિવાસી પાર્ટી એમ ત્રણ પક્ષ ચૂંટણી મેદાને ઉતરશે. અગાઉ એઆઇએણઆઇ પાર્ટીએ ભરૂચ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવાની જાહરાત કરી છે.

## LIC - RBI

રાજ્યમાં LICની ઓફિસ અને ભારતીય રિઝર્વ બેંકની નિયુક્ત શાખાઓ આગામી શનિ અને રવિવારે સામાન્ય કામકાજના કલાકો સુધી ખુલ્લી રહેશે. એલઆઈસી એ જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યુ છે કે, ચાલુ નાણાકીય વર્ષના અંત પહેલા નાગરિકોને કર બચત પ્રક્રિયામાં કોઈ અગવડતા ના પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## GOVT WHEAT

કેન્દ્ર સરકારે ગુજરાત સહિત બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઘઉંનો જથ્થાબંધ અને છૂટક વેપાર કરતાં વેપારીઓને આગામી પહેલી એપ્રિલથી હવે પછીનો આદેશ થાય ત્યાં સુધી ઘઉંના જથ્થા અંગે જાણ કરવી ફરજીયાત બનાવ્યું છે.

કેન્દ્રીય અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, દેશમાં અન્ન સલામતી જાળવવા અને સંગ્રહખોરોને ગેરકાયદેસર રીતે ઘઉંનો સંગ્રહ કરતા અટકાવવા આ આદેશ અપાયો છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે અગાઉ ચોખાના જથ્થા અંગેની જાણ કરવી ફરજીયાત બનાવ્યું હતું. ઘઉં અને ચોખાનો વેપાર કરતાં લોકો પોતાના હસ્તકના જથ્થાની દર શુક્રવારે જાણ કરી શકે તે હેતુથી મંત્રાલયે ખાસ પોર્ટલ શરૂ કર્યો છે. સરકારે આદેશ આપ્યો છે કે, જે વેપારીઓએ આ પોર્ટલ ઉપર નોંધણી કરાવીને ઘઉં અને ચોખાના જથ્થાની જાણ કરી નથી તેમણે પોર્ટલ ઉપર ફરજીયાત નોંધણી કરાવવાની રહેશે.

## SELVAS WORKSHOP

કેન્દ્ર શાસિત પ્રદેશ સેલવાસ ખાતેની ડૉ.એપીજી અબ્દુલ કલામ કોલેજમાં 'જૈવિક પ્રણાલીઓમાં મેટલ આયનો-ઉભરતા પ્રવાહો' પર કાર્યશાળા યોજાઇ ગઇ.

આ કાર્યશાળામાં યુવા વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીમાં સંશોધન હાથ ધરવા માટે નવી તકનીકી પરિભાષાઓ તેમજ આ અભ્યાસો માટે ઉપલબ્ધ વિવિધ સંશોધન તકનીકોનો પરિચય કરાવવામાં આવ્યો.

જેમાં ભારતી દાસન યુનિવર્સિટી તિરુચિરાપલ્લીના પ્રોફેસર એમ.પલાનિંદવરએ મુખ્ય વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત પ્રો.રવિકાંત, આઈઆઈટી મુંબઇના વડા, આઈઆઈટી કાનપુરના પ્રો. રાજા અંગમુથુ અને અન્ય નિષ્ણાતોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

આ ઉપરાંત મેટલ-આધારિત દવાઓમાં તાજેતરના સમયગાળામાં થયેલી પ્રગતિની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. અને આ ક્ષેત્રે સંશોધન થઈ રહ્યું છે તેની વિસ્તૃત જાણકારી અપાઇ હતી. કાર્યશાળામાં 150 થી વધુએ ભાગ લીધો હતો.

## WEATHER

મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમી અનુભવાયા બાદ આજે છોટાઉદેપુર, તાપી અને ડાંગ જીલ્લાઓના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતવરણ અને હળવો વરસાદ નોંધાયો છે. છોટાઉદેપુર નગર અને તાપી જીલ્લાના કેટલાક વિસતારોમાં હળવો વરસાદ થયો હતો. જયારે ડાંગ જિલ્લામાં આહવા, અને સાપુતારા સહિત કેટલાક વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસ્યો હતો.

જો કે, સૌરાષ્ટ્ર અને ઉત્તરગુજરાતના ઘણા સ્થળોએ છેલ્લા 30 કલાકમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ત્રણ ડીગ્રી જયારે લઘુત્તમ તાપમાન એકથી સાત ડીગ્રી વધુ નોંધાયું છે. સૌથી વધુ 41 ડીગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમરેલીમાં નોંધાયું હતું આ ઉપરાંત રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ અને ગાંધીનગરમાં 40, ભૂજ, કંડલા એરપોર્ટ, કેશોદ અને ડીસામાં 39, ભાવનગર અને મહુવામાં 38 જયારે પોરબંદરમાં 36 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. એવી જ રીતે દીવમાં 24 ડીગ્રી સેલ્સીયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જે સામાન્ય કરતાં 7 ડીગ્રી વધુ હતું.

## RJKOT-108-GUIDELINE

રાજકોટમાં હિટવેવને લઈને છેલ્લા 48 કલાકમાં 44 લોકોને તાત્કાલિક સારવાર અપાઈ છે. જિલ્લાના નાગરિકો ઉનાળાના તાપથી પોતાનું  રક્ષણ કરી શકે અને પોતાના સ્વાસ્થ્યની જાળવણી કરી શકે, તે માટે ૧૦૮ અને જિલ્લા વહિવટી વિભાગ દ્વારા લોકોપયોગી સૂચનો જાહેર કરવામાં આવ્યાં છે. જેમાં કામ વગર ઘરની બહાર ના નિકડવું,પૂરતા પ્રમાણમાં પ્રવાહી લેવું, સગર્ભા માતા તેમજ નવજાત શિશુને લૂ ન લાગે તેની ખાસ કાળજી રાખવા અનુરોધ કરાયો છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લાની તમામ 108 એમ્બ્યુલન્સમાં ગરમી કે લૂ સબંધિત કોઈપણ પ્રકારના કિસ્સાઓને પહોચી વળવામાટે પુરતા પ્રમાણમાં દવાઓ, ઈન્જેકશન, ઓઆરએસ, ગ્લુકોઝ, સહિત ઓક્સિજનના પુરતા જથ્થાની વ્યવસ્થા કરવામાં આવી છે.

# GOOD FRIDAY

આજે સમગ્ર દેશમાં ગૂડ ફ્રાઇડેની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ભાવનગરમાં પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ચર્ચમાં વિશેષ પ્રાર્થના સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. ઈસ્ટર સન્ડે તરીકે પણ ઉજવાતા ગુડ ફ્રાઈડેના તહેવારની ૪૦ દિવસ અગાઉથી અનુયાયીઓ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવે છે. આ નિમિતે ખ્રિસ્તી ધર્મના લોકો સતત 40 દિવસ સુધી ઉપવાસ રાખે છે જેને લેન્ટ કહેવામા આવે છે. અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે આ દિવસે ચર્ચમાં ઘંટ વગાડવામાં નથી આવતો તેના બદલે લાકડાના નોક્સ વગાડવામાં આવે છે.

તો આ સાથે જ દમણમાં પણ ગુડ ફ્રાઇડેની ઉજવણીના ભાગરૂપે નાની દમણના સેન્ટ જેરોમ ફોર્ટમાં આવેલા ચર્ચ ઓફ અવર લેડી ઓફ ધ સી તથા મોટી દમણના બોમ જીજસ ચર્ચમાં ખ્રિસ્તી સમુદાયના લોકોએ ભગવાન ઈશુ ખ્રિસ્તના બલિદાનને યાદ કરી તેમના બતાવેલા માર્ગ પર ચાલવાની પ્રતિજ્ઞા લીધી હતી.